<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )
<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ
<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.
**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૯૫/૨૦૨૫ તા.૨૪/૦૩/૨૦૨૫
**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૭/૦૩/૨૦૨૫ થી તા.૨૩/૦૩/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**
કમલાબાગ પો.સ્ટે.ઃ-

તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ ચોપાટી ટી પોઇન્ટ પોરબંદરના આશરે ૨૦ જેટલી નર્સીગ કોલેજની વિધાર્થીની મહિલાઓને WPC કિરણબેન જીગ્નેશભાઇ તથા ૧૮૧ ના કર્મચારી મીરાબેન નાઓએ ૧૮૧ હેલ્પલાઇન વિશે તથા નવા કાયદાઓ વિશે તથા મહિલા લગત કાયદાઓ વિશે તથા ૧૦૦ નંબર વિશે તથા ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે સમજ આપવામા આવેલ હતી તથા એજ્યુકેશ માટે સમજ આપવામા આવેલ તથા ટ્રાફિક વિશે સમજ આપેલ.

**મુદ્દા નંબર ૩:- ટ્રાફીક અંગેના કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હોય**
મહીલા પો.સ્ટેઃ-

તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ પો.સબ.ઈન્સ. કે.એમ.સૈયદ દ્વારા ભાવસિંહજી હોસ્પીટલ ખાતે જઇને ભાઇઓને ટ્રાફિક અવેરનેશ સેમીનાર કરેલ. જેમા વાહન ચલાવતી વખતે જરૂરી ડોકયુમેન્ટ સાથે રાખવા, ટ્રાફિક નિયમોનુ ચુસ્તપણે પાલન કરવું. વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગના કરવો તેના વિશે સમજ કરેલ. તેમજ 18 વર્ષથી નીચેના બાળકોને લાઇસન મેળવ્યા વગર વાહન ચલાવવા દેવું નહીં તમારા બાળકો વાહન ચલાવતા ઝડપાઈ જશે તો વાલી ઉપર કાયદેસરની કાર્યવાહી થશે. તેમજ સાયબર ક્રાઇમ તથા નવા કાયદા બાબતે લોકોને માર્ગદર્શન આપવામાં આવેલ તથા અજાણી વેબસાઈટ પર લોભામણી લિંકથી દૂર રહેવું અને જો ભુલથી પણ આવી લિંક ખોલ્યા બાદ તેમનો શિકાર બનો તો સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ કઈ રીતે ઉપયોગી થાય તેના વિશે માર્ગદર્શન આપેલ. તા.૦૧/૦૭/૨૦૨૪ થી અમલમાં આવેલ નવા ત્રણ કાયદા (૧) ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (૩) ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ વિષે માર્ગદર્શન આપવામાં આવેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**
કમલાબાગ પો.સ્ટે.ઃ-

(૧) તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ ચોપાટી મેદાનમાં પોરબંદરના આશરે ૧૫ જેટલી મહિલાઓને WPC કિરણબેન જીગ્નેશભાઇ તથા ૧૮૧ ના કર્મચારી મીરાબેન નાઓએ ૧૮૧ હેલ્પલાઇન વિશે તથા નવા કાયદાઓ વિશે તથા મહિલા લગત કાયદાઓ વિશે તથા ૧૦૦ નંબર વિશે તથા ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે સમજ આપવામા આવેલ હતી.

(૨) તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ ચોપાટી ગુજરી બજારમા પોરબંદરના આશરે ૩૫ જેટલી મહિલાઓને WPC કિરણબેન જીગ્નેશભાઇ તથા ૧૮૧ ના કર્મચારી મીરાબેન નાઓએ ૧૮૧ હેલ્પલાઇન વિશે તથા નવા કાયદાઓ વિશે તથા મહિલા લગત કાયદાઓ વિશે તથા ૧૦૦ નંબર વિશે તથા ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે સમજ આપવામા આવેલ હતી.

**મહીલા પો.સ્ટે.**

(૧) તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ પો.ઇન્સ .વી.કે.ગોલવેલકર તથા HC હરસુખભાઇ અરશીભાઇ તથા WLR તેજલબેન ગોવિંદભાઇનાઓ સાથે રહી ચોપાટી વિસ્તાર ખાતે ડીકોઇ અંગેની કામગીરી કરેલ. પરંતુ રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો મળી આવેલ નહી અને ચોપાટી કમલાબાગ વિસ્તારમા સ્થાનિક રહીશોને CCTV કેમેરા ચાલુ રાખવાની સમજ કરેલ. તેમજ વાઘેશ્વરી પ્લોટમા આવેલ મીરા મેટરનીટી હોસ્પીટલની મુલાકાત લઈ ગેર કાયદેસર ભૃણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઇ પ્રવૃતિ જણાય આવેલ ન હોય. તેમજ ગોઢાણીયા કોલેજ વિસ્તારની આસપાસ અવાવરૂ જગ્યાએ કોઇ નવજાત બાળક ત્યજી દેવામા આવેલ નથી તેની ખરાઇ કરતા કોઇ મળી આવેલ નથી .તેમજ PSI કે.એમ.સૈયદ તથા WLR પાંચીબેન ભુપતભાઇ સાથે રહી બંગડી બજાર વિસ્તારમાં કામ કરતી બહેનો રાત્રી દરમ્યાન પોતાની ઘેર જતી વખતે રસ્તે કોઇ ઇસમ હેરાન પરેશાન કરે તો મહિલા હેલ્પલાઇન ૧૮૧ તથા ૧૦૦ નંબર ઉપર જાણ કરી મદદ લેવા સમજ કરેલ તથા કડીયાપ્લોટ વિસ્તારમાં સિનીયર સીટીજનની મુલાકાત લીધેલ, કોઇ પરેશાની હોય તો પોલીસની મદદ મેળવવા સમજ આપેલ.

(૨) તા.૧૮/૦૩/૨૦૨૪ ના રોજ વી.કે.ગોલવેલકર તથા WLR તેજલબેન ગોવિંદભાઇ નાઓ સાથે રહી ગોઢાણીયા કોલેજ વિસ્તાર ખાતે ડીકોઇ અંગેની કામગીરી કરેલ. તેમજ ગોઢાણીયા કોલેજ વિસ્તારની આસપાસ અવાવરૂ જગ્યાએ કોઇ નવજાત બાળક ત્યજી દેવામા આવેલ નથી તેની ખરાઇ કરતા કોઇ મળી આવેલ નથી .જે બાબતે સ્ટે.ડા .નોંધ કરવા. તેમજ PI વાય.જી.માથુકીયા, HC દિપીકાબેન સાથે રહી બંગડીબજાર વિસ્તારમાં બહેનો તથા યુવા કિશોરીઓ વધુ પ્રમાણમા હોય, ડીકોઇ અંગેની કામગીરી કરેલ તથા તેમજ કમલાબાગ તથા કડીયાપ્લોટ વિસ્તારમા સ્થાનિક રહીશોને CCTV કેમેરા ચાલુ રાખવાની સમજ કરેલ. તથા પો.સબ.ઇન્સ .કે.એમ.સૈયદએ રીધ્ધી હોસ્પીટલની મુલાકાત લઈ ગેર કાયદેસર ભૃણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઇ પ્રવૃતિ જણાય આવેલ ન હોય. તેમજ રેલ્વે સ્ટેશન રોડ વિસ્તારમાં સ્થાનિક રહીશોને CCTV કેમેરા ચાલુ રાખવાની સમજ કરેલ. તેમજ PI વાય.જી.માથુકીયા યુગાન્ડા રોડ પર આવેલ મનન હોસ્પીટલની ગુપ્તરીતે મુલાકાત લઈ ગેર કાયદેસર ભૃણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઇ પ્રવૃતિ જણાય આવેલ ન હોય.

(૩) તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ PI વી.કે.ગોલવેલકર તથા HC હરસુખભાઇ અરશીભાઇ તથા WLR તેજલબેન ગોવિંદભાઇ નાઓ સાથે રહી વન સેન્ટર મોલમા કામ કરતી બહેનો રાત્રી દરમ્યાન પોતાની ઘેર સુરક્ષીત પહોચે તે બાબતે માર્ગદર્શન આપેલ તથા કડિયાપ્લોટ વિસ્તાર જઇ સિનિયર સીટીજનની મુલાકાત લીધેલ તેમને કોઇ મુશ્કેલી હોય તો પોલીસ મદદ માટે માર્ગદર્શન આપેલ. તથા પો.ઇન્સ. શ્રી વાય.જી.માથુકીયાએ જુના ફુવારા રોડ પર આવેલ મીરા મેટરનીટી હોસ્પીટલની ગુપ્તરીતે મુલાકાત લઈ ગેર કાયદેસર ભૃણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે કે નહી જે બાબતે ખરાઇ કરેલ તથા પેટ્રોલીંગ દરમ્યાન ગોઢાણીયા કોલેજની આસપાસના વિસ્તારમાં અવાવરૂ જગ્યામાં કોઇ નવજાત બાળક ત્યજી દેવામા આવેલ નથી. જે બાબતે ખરાઇ કરેલ તથા પો.ઇન્સ. વી.કે.ગોલવેલકર તથા WLR તેજલબેન ગોવિંદભાઇ નાઓ સાથે રહી ગોઢાણીયા કોલેજ વિસ્તાર ખાતે ડીકોઇ અંગેની કામગીરી કરેલ. તેમજ ગોઢાણીયા કોલેજ વિસ્તારની આસપાસ અવાવરૂ જગ્યાએ કોઇ નવજાત બાળક ત્યજી દેવામા આવેલ નથી તેની ખરાઇ કરતા કોઇ મળી આવેલ નથી.

(૪) તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ પો.સબ.ઇન્સ .એ.સી.નિમાવત તથા WLR તેજલબેન ગોવિંદભાઇ નાઓ સાથે રહી ચોપાટી વિસ્તાર પેટ્રોલીંગમાં રહી ત્યાં બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય. જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તેમજ પો.ઇન્સ .તથા PI વાય.જી.માથુકીયા તથા HC દીપીકાબેન લાખાભાઇ સાથે રહી કમલાબાગ વિસ્તારમા રીલાયન્સ મોલમા કામ કરતી મહિલા ઓની મુલાકાત લઇ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સરુક્ષીત પહોંચે તે બાબતે કરેલ યોગ્ય સલાહ આપેલ.

(૫) તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ ' લેડી હોસ્પીટલ " ની મુલાકાત લઈ ત્યા કોઈ ગેર કાયદેસર ભૃણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય. તેમજ પો.ઇન્સ . વાય.જી.માથુકીયા તથા HC-હસમુખભાઈ વસાવા તથા WLR-તેજલબેન ગોવીંદભાઈ, નાઓ સાથે રહી ગોઢાણીયા કોલેજ વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય અમો સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય.

(૬) તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ ભાવસીંહજી હોસ્પીટલની મુલાકાત લઇ મહિલાને સાંભળી અને અત્યાચાર તેમજ જાતીય સતામણી મહિલાઓને મહિલા જાગૃતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી, તેમજ પો.ઇન્સ.વી.કે. ગોલવેલકર તથા HC-હરસુખભાઈ માકડીયા, WLR-પાંચીબેન ભુપતભાઈ કડીયાપ્લોટ વિસ્તારમાં સીનીયર સીટીજનની મુલાકાત લઈ (૧) કેશુભાઇ નરશીભાઇ ગોહેલ ઉ.વ.-૬૨ (૨) લીલાભાઇ અશરાજ ગોહેલ ઉ.વ.-૬૫ (૩) માવજીભાઇ લીલાભાઇ ગોહેલ ઉ.વ.-૬૮ (૪) ચેતનભાઇ થાનકી ઉ.વ.-૭૨ (૫) ખીમજીભાઇ કેશુભાઇ પરમાર ઉ.વ.-૭૦ (૬) મગનભાઇ રામભાઇ સલાટનાઓની મુલાકાત લઇ તેમને કોઇ મશ્કેલી હોય તો પોલીસ ને જાણ કરવા જણાવેલ. (૭) તા.૧૬/૦૩/૨૦૨૫ ના રોજ પો.ઇન્સ .વી.કે.ગોલવેલકર તથા HC-હરસુખભાઇ અરશીભાઇ તથા WPC-લતાબેન ટીડાભાઇ નાઓ સાથે રહી જ્યુબેલીપુલ પાસે અવાવરૂ જગ્યાયે પેટ્રોલીંગ કરી ત્યા કોઇ નવજાત બાળકોને ત્યજી દેવામા આવેલ નથી જે બાબતે ખરાઈ કરતા આવુ કઈ મળી આવેલ ના હોય .તથા કડીયા પ્લોટ તથા મીલપરા વિસ્તારમા સીનીયર સીટીજન હોય તેઓની મુલાકત લઈ તેને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરવા તેમજ ઇમરજન્સીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ જે બાબતે સ્ટે.ડા.માં નોંધ કરી રીપોર્ટ ફાઇલે રાખવા નોંધ કરશો.

## મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે

કમલાબાગ પો.સ્ટેઃ-

કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમા યુગાન્ડા રોડ પર એચ.ડી.એફ.સી .બેન્કના આગળના ભાગે અરજદાર અમીબેન યશભાઇ લાખાણી નાઓનો મોબાઇલ ફોન ખોવાયેલ હોય, જેથી અરજદાર અમીબેન કમલાબાગ પોલીસ સ્ટેશન આવેલ અને કહેલ કે, મારો ફોન ખોવાય ગયેલ છે જેથી કમલાબાગ પો.સ્ટે.ના પી.એસ.ઓ . ડી.એમ.મકવાણા એ.એસ.આઇ નાઓએ પો.હેડકોન્સ .આર.કે.દારફા નાઓએ ફોનથી જાણ કરેલ જેથી યુગાન્ડા રોડ પર બેન્કની બાજુમા ફોનનુ લોકેશન આવતુ હોય જેથી સ્થળ પર તપાસ કરતા મોબાઇલ ફોન ત્યાં નીચે પડેલ હોય જેથી મોબાઇલ ફોન કમલાબાગ પોલીસ સ્ટેશન લાવેલ અને અરજદાર અમીબેનને પોતાનો ફોન પરત સોપવામા આવેલ.

મહીલા પો.સ્ટે.ઃ-

(૧) તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ પો.સબ.ઈન્સ. એ.સી.નિમાવત, ASI મીનાબેને સાથે ચોપાટી પર વાહન ચેકીંગ દરમ્યાન ભાઈઓને એકઠા કરીને ટ્રાફિક અવરનએસ પ્રોગ્રામમાં ભાઈઓને રોડ સેફટીમાં ધ્યાન શું રાખવું તેની સમજ કરેલ, તેમજ ટ્રાફિકના નવા નિયમો વિષે માહીતગાર કરેલ, ઉ.વ.૧૮ થી નીચે બાળકોને વાહન ચલાવવા દેવુ નહીં જો ચલાવા આપસો તો તેમના પિતાનુ લાયસન્સ રદ થઈ જશે અને રૂપિયા ૨૫,૦૦૦/- નો દંડ ભરવો પડશે તેવી માહિતી આપેલ, વાહન ચાલકોએ વાહન ચલાવતી વખતે પુરા કાગળો સાથે રાખવા તેવી સમજ કરેલ. તેમજ સાયબર ક્રાઇમની હેલ્પલાઇન નંબર ૧૯૩૦ વિષેની જાણકારી આપેલ, નવા કાયદા ત્રણ કાયદા -> તા.૦૧/૦૭/૨૦૨૪ થી નવા કાયદા ભારતીય ન્યાય સંહિતા 2023, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય સંહિતા 2023 નામના ત્રણ નવા ફોજદારી કાયદાનો અમલ કરવા માર્ગદર્શન આપેલ.

(૨) તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ પો.સબ.ઇન્સ કે.એમ.સૈયદ દ્વારા રેલ્વે સ્ટેશન રોડ બજારમાં ખરીદી કરવા નીકળેલ મહિલાને એકઢી કરી, મહિલા જાગૃતિનો કાર્યક્રમ કરેલ. જેઓને ઘરેલુ હિંસા બાબતે પોલીસ મદદ મેળવવા માટે ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસની મદદ મેળવી શકાય છે જે બાબતે માહિતી આપેલ તેમજ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ કે દહેજ બાબતે મહિલાને હેરાન પરેશાન કરવામાં આવે તો સુરક્ષા સબંધે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ. તેમજ ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા જરૂરી કાયદાકીય માર્ગદર્શન માહિતી આપેલ. તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ તથા ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે જરૂરી માહિતી આપેલ.

(૩) તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ પો.સબ.ઇન્સ એ.સી.નિમાવત તથા PC લતાબેન સાથે ભોજેશ્વર પ્લોટમાં મહિલાઓને એકઠી કરી મહિલા જાગૃતિનો કાર્યક્રમ કરેલ. જેઓને ઘરેલુ હિંસા બાબતે પોલીસ મદદ મેળવવા માટે ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસની મદદ મેળવી શકાય છે જે બાબતે માહિતી આપેલી તેમજ કોઇ બહેનને તેમના પતિ ત્રાસ આપતા હોય તો મહિલા પોલીસ સ્ટેશનમાં આવીને અરજી આપશે એટલે બન્ને પતિ પત્નીને બોલાવી કાઉન્સલીગ કરાવીને સમાધાન કરાવસુ. તેમજ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ કે દહેજ બાબતે મહિલાને હેરાન પરેશાન કરવામાં આવે તો સુરક્ષા સંબંધે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ. તેમજ ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા જરૂરી કાયદાકીય માર્ગદર્શન માહિતી આપેલ, તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ વિષે માહિતી આપેલ. તેમજ ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે જરૂરી માહિતી આપેલ. તેમજ નવા ત્રણ કાયદા વિષેની સમજ કરી તેમજ ટ્રાફીકના નવા નિયમોનુ પાલન કરવુ તે અંગે સમજ કરેલ.

(૪) તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ પો.સબ.ઇન્સ. કે.એમ.સૈયદ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન ખીજડીપ્લોટ બગીચામાં ગયેલ. ત્યાં મહિલાઓ તેના બાળકો સાથે ફરવા આવેલ હોય તેઓની પાસે જઈ મહિલાઓને કાયદાકીય માર્ગદર્શન આપી મહિલાજાગૃતિનો કાર્યક્રમ કરેલ જેઓને ઘરેલુ હિંસા બાબતે પોલીસ મદદ મેળવવા માટે ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસની મદદ મેળવી શકાય છે જે બાબતે માહિતી આપેલી તેમ જ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ કે દહેજ બાબતે મહિલાને હેરાન પરેશાન કરવામાં આવે તો સુરક્ષા સંબંધે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ. તેમજ શાળા કોલેજમાં અભ્યાસ કરતી વિધાર્થીની બહેનોને શાળા કોલેજે અભ્યાસમાં જાય ત્યારે રસ્તામાં કે રોડ ઉપર કે ગલીઓમાં ઉભેલ રોમિયોગીરી કરતા ઇસમો હેરાન પરેશાન કરે તો ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા જરૂરી કાયદાકીય માર્ગદર્શન આપેલ. તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ તથા ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે જરૂરી માહિતી આપેલ.

(૫) તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ પો.સબ.ઈન્સ. કે.એમ.સૈયદ દ્વારા ચોપાટી જઈને ફુટ પેટ્રોલિંગ/ વાહન ચેકિંગ દરમિયાન ભાઈઓનો ટ્રાફિક અવેરનેશ પ્રોગ્રામ કરેલ. જેમા વાહન ચલાવતી વખતે જરૂરી ડોકયુમેન્ટ સાથે રખવા, ટ્રાફિક નિયમોનુ પાલન કરવુ, વાહન લાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ના કરવો તેના વિશે માર્ગદર્શન આપેલ તથા સાયબર ક્રાઇમ તથા નવા કાયદા બાબતે લોકોને માર્ગદર્શન આપવામાં આવેલ તથા અજાણી વેબસાઈટ પર લોભામણી લિંકથી દૂર રહેવું અને જો ભૂલથી પણ આવી લિંક ખોલ્યા બાદ તેમનો શિકાર બનો તો સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ કઈ રીતે ઉપયોગી થાય તેના વિશે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ અને તા.૦૧/૦૭/૨૦૨૪ થી અમલમાં આવેલ નવા ત્રણ કાયદા (૧) ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ (૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ (૩) ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ વિષે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર